# ખીજડીયા પાસે પરોઢિયે યાત્રાળુ બસ અને ગેસ ટેન્કર વચ્ચે અકસ્માત, જાનહાની ટળી

## ૩૬ પેસેન્જર ભરેલી બસ રોડથી નીચે ઉતરી જતાં દેકરો મચી ગયો : તમામને સલામત બહાર કઢાયા








તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર- રાજકોટ ધોરી માર્ગ પર ખીજડીયા બાયપાસ નજીક આજે પરોઢિયે એક યાત્રાળુ બસ કે જે એક ગેસ ટેન્કર સાથે ટકરાઈ જતાં રોડથી નીચે ઉતરી ગઈ હતી, અને ભારે દેકારો મચી ગયો હતો. જામનગર મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડની ટુકડીએ ઘટના સ્થળે દોડી જઈ બસમાં ફસાયેલા ૩૬ યાત્રાળુઓ ને સમયસર બહાર કાઢી લેતાં તમામે હાશકારો અનુભવ્યો હતો.

આ બનાવની વિગત એવી છે કે અડાલજ થી જી.જે. ૩ એ.ઝેડ ૦૬૪૨ નંબરની યાત્રાળુઓ સાથેની બસ, કે જે અડાલજથી જામનગર તરફ આવી રહી હતી, દરમિયાન સવારે ૫.૫૫. વાગ્યાના અરસામાં ખીજડીયા બાયપાસ પાસે એક ગેસ ટેન્કર સાથે ટકરાઈ ગઈ હતી, અને બસ રોડથી નીચે ઉતરીને ખાંગી થઈ ગઈ હતી.

જેથી બસમાં બેઠેલા મુસાફરોમાં ભારે ચિસાચીસ થઈ હતી. આ બનાવવાની જાણ કરાતાં ફાયર શાખાના ઉમેદ ગામેતી, રાકેશ ગોકાણી, કામિલ મહેતા અને જયંતિ ડામોર સહિતના ફાયર ઓફિસરો અન્ય અલગ ટીમ સાથે ઘટના સ્થળે દોડી ગયા હતા, અને થોડીક ક્ષણોમાં જ એક પછી એક તમામ ૩૬ યાત્રાળુઓને બસમાંથી બહાર કાઢી લીધા હતા, જેથી સર્વે હાશકારો અનુભવ્યો હતો.

આ બનાવની જાણ થતાં પંચકોશી એ. ડિવિઝનનો પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડતો થયો છે, અને વધુ તપાસ હાથ ધરી છે જોકે સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી પોલીસ આ મામલે વધુ તપાસ ચલાવે છે.

# જામનગરમાં વેપારીના ઘરમાંથી દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો

## ૨૦ બિયરના ટીન અને ૧૨ બાટલી સાથે વેપારીની અટકાયત, સપ્લાયરની શોધખોળ

જામનગર : જામનગરમાં દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં રહેતા એક કટલેરીના વેપારીનો વેપારી દારૂનો ધંધો કરતો હોવાની બાતમી પરથી પોલીસે તેના રહેણાંક મકાનમાં દરોડો પડ્યો હતો. જ્યાં સ્થળ પરથી દારૂ-બિયરનો જથ્થો મળી આવતા મુદ્દામાલ સાથે વેપારીની અટકાયત કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગરમાં દિગ્વિજય પ્લોટ શેરી નંબર ૪૯ માં રહેતા અને કટલેરીનો વેપાર કરતા મહેશ કરસનદાસ ગજરા નામના વેપારીના રહેણાક મકાનમાં ઈંગલિશ દારુ ઉતારવામાં આવ્યો હોવાની બાતમીના આધારે સીટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફે દરોડો પાડયો હતો. જે દરમિયાન રહેણાક મકાનમાંથી ૧૨ નંગ ઈંગ્લીશ દારૂની બાટલી અને ૨૦ નંગ બિયર ના ટીન મળી આવ્યા હતા.

આથી પોલીસે રૂપિયા ૧૮,૦૦૦ની કિંમતનો ઈંગ્લીશ દારૂ અને બિયરનો જથ્થો કબજે કર્યો છે. પોલીસની પૂછપરછ દરમિયાન તેને દિગ્વિજય પ્લોટ શેરી નાં ૪૯ માં રામનગરના ઢાળિયા પાસે રહેતા નવીન લક્ષ્મીદાસ દામાએ સપ્લાય કર્યો હોવાનું જણાવતાં તેને ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

# કલ્યાણપુરના ટંકારીયા માર્ગે બોલેરો ગોથું ખાઈ જતા પાંચ વ્યક્તિ ઘાયલ

ખંભાળિયા : કલ્યાણપુર પંથકના પાનેલીના પાટિયે થી ટંકારીયા ગામ તરફ જતા માર્ગે બોલેરો પીકઅપ ગાડીના ચાલકે એકાએક સ્ટેરીગ પરનો કાબુ ગુમાવી દેતા અને ગાડી ગોથું ખાઈ જતા તેમાં બેસેલ પાંચ મુસાફરોને નાની મોટી ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ગાડી ચાલક સામે ફરિયાદ દાખલ કરી આગળની તપાસ આરંભી હતી.

આ બનાવની મળતી વિગતો મુજબ કલ્યાણપુર તાલુકાના રાવલ ગામમાં રહેતો સંજય લાખાભાઈ સોલંકી જી. જે. ૧૯ એક્સ ૧૫૯૯ નંબરની બોલેરો પીકઅપ ગાડી ચલાવી અંદર મુસાફરો બેસાડી કલ્યાણપુરના પાનેલી ગામના પાટિયાથી થોડે દુર ટંકારીયા ગામ તરફના માર્ગેથી પસાર થઈ હોય આ વેળાએ પુલ પાસે એકાએક સ્ટેરીગ પરનો કાબુ ગુમાવી દેતા બોલેરો પીકઅપ ગાડી રોડથી નીચે ઉતરી ગોથું ખાઈ હતી જેમાં અંદર બેસેલ ભીમાભાઈ અરસીભાઈને જમણા પગમાં તથા ડાબા હાથમાં ફેક્ચરની,

અજયભાઈ આવળભાઈ પરમારને છોલછાલની તથા જમણા કાન અને માથાના ભાગે, નાથાભાઈ પરમારને ડાબા કાનમાં તથા દિલીપભાઈને સામાન્ય અને ચાલક સંજયને કાન અને માથાના ભાગે ઈજા પહોચતા તાકીદે ૧૦૮ સરકારી એમ્બ્યુલન્સ દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવની જાણ થતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને અજયભાઈ આવળભાઈ પરમારની ફરીયાદ પરથી ગાડી ચાલક સંજય સોલંકી સામે ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# જામનગરના ચકચારી શિક્ષકા આપઘાત કેસમાં ત્રણેય આરોપીઓને ફટકારાઈ સાત વર્ષની જેલની સજા










જામનગર : જામનગરના પંચવટી વિસ્તારની એક શિક્ષિકાએ આત્મહત્યા કરી લીધી હતી. જેની પાસેથી એક સ્યુસાઇડ નોટ મળી હતી. જેમાં ત્રણ શખ્સોના ત્રાસના કારણે આત્મહત્યા કરતી હોવાનો ઉલ્લેખ કરાયો હતો .જામનગર શહેરનો આ અતિ ચકચારી કેસ ચાલી જતાં અદાલતે ત્રણેય આરોપીઓને સાત વર્ષની સજાનો હુકમ કર્યો છે.

આ ચકચારી કેસની વિગત એવી છે કે જામનગરના પંચવટી સોસાયટીમાં રહેતી અને ખાનગી શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી નૂરજહાબહેન હુંદડા નામની યુવતીએ ગત તા.૧૭/૫/૨૦૨૩ ના રોજ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. તેણીએ એક સ્યુસાઈટ નોટ પણ લખી હતી જે પોલીસે કબજે કરી હતી. તેમાં એક ઉલ્લેખ કરાયો હતો કે રજાક, અખ્તર અને અફરોઝ નામના ત્રણ વ્યક્તિઓના ત્રાસના કારણે જીવાદોરી ટૂંકવાની ફરજ પડી રહી છે. તેના અનુસંધાને તેણીના ભાઈ ઈશાકભાઈ રહીમભાઈ હૂંદડાની ફરિયાદના આધારે જે તે સમયના તત્કાલીન પોલીસ ઈન્સ્પેકટર એચ.પી. ઝાલા, પી.એસ.આઈ. બી.બી.કોડિયાતર અને તેઓની ટીમે ઊંડાણપૂર્વકની તપાસ કર્યા બાદ ત્રણેય આરોપીઓ સામે આત્મહત્યાની દુષ્પ્રેરણા આપવા અંગે ગુનો નોંધી ધરપકડ કરી હતી અને કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યું હતું.

આ અંગેનો કેસ સેશન્સ કોર્ટમાં ચાલી જતા ન્યાયાધીશ વેમુલાએ સરકારી પક્ષના વકીલની દલીલો તેમજ પોલિસ વિભાગ દ્વારા રજૂ કરાયેલા તમામ પુરાવાઓ વગેરેને ધ્યાનમાં રાખીને ત્રણ આરોપી રજાક નુરમહંમદભાઈ સાયચા, અખ્તર અનવરભાઈ ચમડિયા અને અફરોઝ તૈયબભાઈ ચમડીયાને સાત વર્ષની જેલ સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર તરફે વકીલ ડી આર ત્રિવેદી રોકાયા હતા.

# જામનગરમાં બે સ્થળોએ દરોડામાં દારૂના ૧૦૬ ચપલા સાથે શખ્સ ઝડપાયો, એક ફરાર

જામનગર :જામનગર શહેરમાં રણજીતસાગર રોડ પર એક રહેણાંક મકાન સહિત બે જગ્યાએ સિટી એ ડિવિઝન પોલીસે દરોડો પાડી ઈંગ્લિશ દારૂના ૧૦૬ નંગ ચપલા મળી આવતા એક શખ્સની ધરપકડ કરી કુલમળી રૂપિયા ૧૦ હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જયારે અન્ય એક શખ્સ નાસી જતા તેને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામનગર શહેરમાં મારું કંસારા હોલ પાછળ રહેતા રણજીતસિંહ બહાદુરસિંહ જાડેજા નામના શખ્સના રહેણાંક મકાને સિટી એ ડિવિઝન પોલીસે બાતમીના આધારે દરોડો પાડ્યો હતો દરમિયાન અહીથી રૂપિયા ૯૬૦૦ ની કિંમતના ૯૬ નંગ ભારતીય બનાવટના ઈંગ્લિશ દારૂના ચપલા મળી આવ્યા હતા જોકે દરોડા દરમિયાન આરોપી હાજર નહીં મળી આવતા તેની સામે પ્રોહી. એક્ટ મુજબ ગુન્હો નોંધી ઝડપી લેવા પોલીસે દોડધામ શરૂ કરી છે.

જયારે અન્ય દરોડામાં જામનગરના દરેડ - મસીતીયા રોડ પર આવેલ સહારા હોટલની સામે રહેતો સનોજકુમાર ગોરખનાથ ચૌધરી નામનો પરપ્રાંતિય શખ્સ રણજીત સાગર રોડ પરથી પસાર થતો હોય આ વેળાએ સિટી એ ડિવિઝન પોલીસે તેની તલાસી લેતા અને ઈંગ્લિશ દારૂના ૧૦ નંગ ચપલા મળી આવતા ધરપકડ કરી રૂપિયા ૧ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# જામનગર જિલ્લા પંચાયતના નાયબ કાર્યપાલક ઈજનેરને ફરજમાંથી છુટા કર્યા

## ડી.ડી.ઓ.એ રૂ.૧નો ટોકન દંડ કરી સર્વીસ બુકમાં નોંધ પાડવા હુકમ કર્યો

જામનગર : જામનગર જિલ્લા પંચાયતની બાંધકામ શાખાના નાયબ કાર્યપાલક ઈજનેર સામે સભ્યોની ફરિયાદો અને સરપંચોના અસહકારના આક્ષેપો બાદ જનરલ બોર્ડની બેઠકમાં ઠરાવ પછી નિમાયેલી તપાસ સમિતિના અહેવાલના આધારે જિલ્લા વિકાસ અધિકારીએ રૂ.૧નો ટોકન દંડ કરીને જિલ્લા પંચાયતની ફરજોમાંથી તાત્કાલિક છુટા કરવા અને તેની સર્વીસ બુકમાં નોંધ કરવા સાથે ગાંધીનગર પરત મોકલવા ડીડીઓએ આદેશ કરતાં જિલ્લા પંચાયતના રાજકીય અને કર્મચારી વર્તુળમાં ચકચાર જાગી છે.

જામનગર જિલ્લા પંચાયતમાં ગત તા.૩૦ ડિસેમ્બરની સામાન્ય સભામાં જોડીયા વિસ્તારના સભ્ય ધરમશીભાઈ ચનિયારા સહિતના સભ્યોએ પંચાયતના બાંધકામ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર એસ.વી. બાવીસી સામે વાંધા રજુ કરીને સરપંચોને પણ સહકાર ન આપતા હોવા સહિતના આક્ષેપો કર્યા હતા. જે પહેલા પંચાયતના પ્રમુખ અને સભ્યો દ્વારા આ અંગે તા.૮ ડિસેમ્બરના રોજ પણ ડીડીઓને લેખિત રજુઆત કરવામાં આવી હતી. જેને ધ્યાને લઈને તા. ૧૭મી જાન્યુઆરીએ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આ અધિકારીને એક તરફી રીતે છુટા કરીને રૂ.૧ નો ટોકન દંડ લઈને તેની સર્વીસ બુકમાં નોંધ કરવા આદેશ કરાયો છે. ઉલ્લેખનિય એ છે કે, જિલ્લા પંચાયતમાં સભ્યો દ્વારા અધિકારીને ગાંધીનગર પરત મોકલવાનો સંભવતઃ આ પ્રથમ બનાવ છે.

# જામજોધપુરમાં કેસ પાછો ખેંચી લેવા પિતા-પુત્રએ ધમકી અપાતા મહિલાનું વિષપાન

જામજોધપુર : જામજોધપુરમાં રહેતી એક મહિલાએ કેસ પાછો ખેંચી લેવા બાબતે પિતા-પુત્રએ ધમકી આપતા તેણીએ ઝેરી દવા પી લેતા હોસ્પિટલ ખસેડાઈ છે.

પ્રાપ્ત માહિતી મુજબ જામજોધપુરમાં સાગરપા ચકલામાં રહેતી અંજનાબેન નટુભાઈ ખાંટ નામની ૪૯ વર્ષની પટેલ જ્ઞાતિની મહિલાએ પોતાના ઘેર ઝેરી દવા પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેણીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે, અને હાલ તેની ઉપલેટાની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ બનાવ અંગે પોલીસને જાણ થતાં જામજોધપુરના પોલીસ હેડ કોન્સ્ટેબલ આર આર જાડેજા ઉપલેટાની હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને અંજનાબેનનું નિવેદન નોંધ્યું હતું, જેમાં તેણીએ જામજોધપુરમાં જ રહેતા ચીમનભાઈ મોહનભાઈ ખાંટ અને તેના પુત્ર આશિષ ચીમનભાઈ ખાંટની ધાકધમકીના કારણે ઝેરી દવા પી લીધી હોવાનું જણાવ્યું હતું. ફરીયાદીએ આરોપી ચીમનભાઈ સામે અગાઉ પોલીસ ફરિયાદ કરી હતી, જેનો કોર્ટ કેસ ચાલી રહ્યો છે. જે કેસ પાછો ખેંચી લેવા માટે બંને આરોપીઓએ ધાકધમકી આપી સમગ્ર પરિવારને પતાવી દેવાનું જણાવતાં તેમજ આ કેસના એક સાક્ષી મૃત્યુ પામતાં અંજનાબેન હતાશ થઈ ગયા હતા, અને ડરના કારણે આ પગલું ભરી લીધાનું જણાવ્યું છે, જેથી જામજોધપુર પોલીસે આરોપી ચીમનભાઈ મોહનભાઈ ખાંટ અને તેના પુત્ર આશિષ ચીમનભાઈ સામે ગુનો નોંધ્યો છે, અને સમગ્ર બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# કાલાવડના મોટી ભગેડી ગામે ઈકોકારની ચોરી કરનાર તસ્કર બેલડી ઝડપાઈ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટી ભગેડી ગામમાંથી એક ઈકો કારની ચોરી થઈ હતી, જે વાહનની ચોરી કરનાર પંચમહાલ- ગોધરા પંથકના બે તસ્કરોને એલસીબીની ટુકડીએ ઝડપી પાડ્યા છે,

કાલાવડ તાલુકાના મોટી ભગેડી ગામમાં એક ઈકો કારની તાજેતરમાં ચોરી થઈ હતી, જે અંગે કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ હતી, જે ગુનામાં કાલાવડ ગ્રામ્ય પોલીસ તેમજ એલસીબીની ટુકડી વાહન ચોર ટોળકીને શોધી રહી હતી. દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા ભરતભાઈ ડાંગર વગેરેએ કમાન્ડ કંટ્રોલ ટિમની મદદ મેંળવી અન્ય ખાનગી હકિકતના આધારે કાલાવડ હાઈવે રોડ, મોટી માટલી ગામના પાટીયા પાસે મોટી ભગેડી ગામે ઈકો કારની ચોરી કરનાર જશવંતભાઈ ગુલાબભાઈ ભીખાભાઈ નાયક (૨૭) કેજે પંચમહાલ ગોધરાના વતની અને મોટી ભગેડી ગામના જમનભાઈ કોટડીયા પટેલની વાડીમાં રહીને મજૂરી કામ કરે છે, તેમજ તેની સાથેના સમરૂભાઈ ચીમનભાઈ રજીયાભાઈ નાયક (૨૦) ની અટકાયત કરી લઈ તેઓ પાસેથી જી.જે.૧૦ ડી.એ.૨૦૨૩ નંબરની ઈકો કાર કબજે કરી લઈ વધુ કાર્યવાહી માટે કાલાવડ રૂરલ પોલીસ સ્ટેશનને સોંપી આપેલા છે.

# કાલાવડના કોઠા ભાડુકીયા ગામે સગીરા સાથે અડપલા કરી ફરાર વાડી માલિકની ધરપકડ

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના કોઠા ભાડુકીયામાં એક વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા પરપ્રાંતિય શ્રમિક પરિવારની સગીર પુત્રી સાથે અડપલાં કરનાર વાડી માલિક સામે પોકસો એકટ હેઠળ ગુન્હો નોંધાયા બાદ ફરાર થઈ ગયેલા આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે.

કાલાવડ તાલુકાના કોઠા ભાડુકિયા ગામમાં એક વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા પરપ્રાંતિય શ્રમિક પરિવારની સગીરપુત્રી વાડીમાં એકલી હતી, જે દરમિયાન તેણીની સાથે શારીરિક અડપલાં કરવામાં આવ્યા હતા, અને બીભત્સ માંગણી કરવામાં આવી હતી. જે બાબતે સગીરાના ભાઈ દ્વારા વાડી માલિક સામે ફરિયાદ નોંધાવી હતી, અને પોકસો એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો.

જે આરોપી હિંમતલાલ છગનલાલ કથીરિયા (૪૫) કે જે તે સમયે ભાગી છૂટ્યો હતો, પરંતુ ગઈકાલે ફરીથી કોઠા ભાડુકીયા ગામે આવ્યો છે, તેવી બાતમીના આધારે જામનગર એસ.ટી.એસ.સી. સેલના ડીવાયએસપી મીત રુદલાલ તેમજ રાઈટર જયેશભાઈ ભીમાણીએ આરોપી હેમતલાલ કથીરિયા ને પકડી પાડ્યો છે, અને તેની પાસેથી મોટર સાયકલ કબજે કર્યું છે. જેને અદાલત સમક્ષ રજૂ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# માધમેળામાં સાધુ સંતોના અપમાનના સંદર્ભમાં જામનગરમાં યુવક કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન







તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં માઘ મેળામાં સ્નાન વખતે સાધુ સંતો સાથે અપમાનજનક વર્તન કરવાના સંદર્ભમાં જામનગર શહેર યુવક કોંગ્રેસ દ્વારા ગઈકાલે વિરોધ પ્રદર્શન કરી અને લાલ બંગલા સર્કલમાં રસ્તા રોકો આંદોલન કરાયું હતું. જે દરમિયાન પોલીસ દ્વારા ૧૯ કાર્યકરોની અટકાયત કરી લેવાઈ હતી. ઉત્તર પ્રદેશની યોગી સરકાર સાધુ સંતો સાથે અપમાનજનક કાર્ય કરી રહી છે, અને કેન્દ્રની ભાજપ સરકાર ચૂપ છે. તેના સંદર્ભમાં ગઈકાલે શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા દ્વારા લાલ બંગલા સરકારમાં રસ્તા રોકો આંદોલન કરવામાં આવ્યું હતું, અને હાથમાં પોસ્ટર દર્શાવીને વિરોધ કરાયો હતો. જે દરમિયાન પોલીસે કુલ ૧૯ કોંગી કાર્યકરોની અટકાયત કરી હતી. જોકે પાછળથી તમામને મુક્ત કરી દેવામાં આવ્યા છે.